# 'સન્ડે ઈ-મહેફીલ'ના વાચકમીત્રોને
# ભાવપ્રેમથી 'વીદાય-સલામ'..

-'સ.મ.'ના સંપાદકો

આગામી રવીવારથી આપના Inboxમાં 'સન્ડે ઈ-મહેફીલ'ની PDF File હવે નહીં આવે.. 'કેમ, કંઈ કારણ? ત્રણ ડોસાઓ (**રતીભાઈ**-૮૬; **બળવંતભાઈ**-૭૬ અને **ઉત્તમભાઈ** -૭૪)માંથી કોઈને કંઈ થયું કે શું ?' આવો સવાલ થશે જ. પણ ના, ના, એવું કોઈ કારણ નથી. ભલે અમે ડોસા, પણ હજી તો અમે કડેધડે છીએ. કુદરતની કૃપા છે અને તમારો અઢળક પ્રેમ તો છે જ !

**તા. ૨૫ મે ૨૦૦૫**થી શરુ થયેલી, 'સન્ડે ઈ-મહેફીલ'ની, **૧૫૫ સપ્તાહ** સુધી એક પણ રવીવારનો ખાડો પાડ્યા વીના સતત એકધારી ચાલુ રહેલી આ 'રંગારંગ-વાચનયાત્રા'ને, હવે વીરામ આપવા મન થયું છે. બસ, એ જ કારણ. તો ચાલો, વીગતે વાત માંડીએ...

યાત્રા કોઈ વાર માત્ર સ્વૈરવીહાર અને નીરુદ્દેશીય હોય છે; પરંતુ મોટે ભાગે તેનો ઉદ્દેશ, માર્ગ, (યાત્રા લાંબી હોય તો) વચ્ચેનાં વીરામ સ્થાનો, પડાવ, અંતીમ સ્થળ, અપેક્ષીત ફળ અને અનાયાસ પ્રાપ્ત થવાનો સંભવ હોય તેવું ફળ- - આ બધાનો જડબેસલાક નહીં, તો પણ સારો એવો સવીગત ખ્યાલ યાત્રાએ ઉપડનારને હોય એ સ્વાભાવીક છે. યાત્રા કશુંક પામવા માટે હોય કે ક્વચીત યાત્રી પાસે કંઈક આપવા જેવું હોય તો તે સમાજને અર્પણ કરવા માટે પણ હોય. યાત્રા અને સામાન્ય સફર વચ્ચે દેખીતો કોઈ ભેદ નથી હોતો. ભીન્નતા હોય છે પ્રવાસીના માનસીક અભીગમમાં. કોઈ વાર એવું પણ બને કે શરુ થઈ હોય એક સફર ચોક્કસ મર્યાદીત હેતુથી; પરંતુ સફર કરતાં કરતાં પ્રવાસીનો માનસીક અભીગમ એવો ઘડાતો જાય છે કે તે યાત્રા બની જાય છે !

આવું જ કોઈક વાર બને છે કોઈ ઉપક્રમ વીશે; શરુ થયો હોય થોડુંક કંઈક કરવાના ઉદ્દેશથી, કંઈક પ્રયોગાત્મક બાબત નાણી જોવા. સાવ નવો જ ઉપક્રમ હોય ત્યારે ખ્યાલ પણ ન હોય કે આમાં એવા રમમાણ થઈ જવાશે કે આખું સપ્તાહ એમાં જ ડુબ્યા રહીશું ! ખ્યાલ તો એવો હોય કે અઠવાડીયાના બે-એક દીવસ પુરતા થઈ રહેશે. બને એવું કે યાત્રામાં નાનું મોટું અંતર રોજ કાપતા હોઈએ છીએ તેમ, હાથ ધરેલ ઉપક્રમ રોજ ઓછીવત્તો સમય માગી જ લે છે. જો કે એમ પણ સાથે સાથે બને કે, કામ કરતાં કરતાં ન ધારેલ મૈત્રી મળે, નવા મીત્રોનો અપાર સ્નેહ મળે અને ઉપક્રમ સામાન્ય કાર્ય ન રહેતાં મૈત્રીયાત્રા- સ્નેહયાત્રા બની જાય !

'સન્ડે ઈ-મહેફીલ' અંગે અમારે કંઈ આવું જ થયું છે. મહેફીલ શરુ થઈ એક નાનકડા ઉપક્રમ રુપે. ઉદ્દેશ પણ સીમીત હતો--ગુજરાતી ભાષાના વ્યાપ અને વીકાસ માટેનો. ભારત બહાર દુરદેશાવરમાં અને ભારતમાં ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં સ્થાયી ગુજરાતી બંધુઓ-પરીવારોને દર અઠવાડીયે નીયમીત વીક-એન્ડની પ્રથમ સવારે અચુક પહોંચી જાય તે રીતે, ઈ-મેઈલથી એક દોઢ પાના જેટલું ગુજરાતી સાહીત્યમાંથી પસંદ કરેલ વાચનક્ષમ અને રસપ્રદ લખાણ, ગુજરાતી લીપીમાં, પીડીએફ ફાઈલ બનાવી પેશ કરવું. (પીડીએફ એટલા માટે કે જેની પાસે ગુજરાતી ફોન્ટ ન હોય તે પણ તેના વાચનનો લાભ લઈ શકે.) આશય માત્ર એટલો જ કે મુળ ગુજરાતના પણ ગુજરાત બહાર વસતા ગુજરાતીઓને કમ સે કમ સપ્તાહમાં એક વાર ગુજરાતી લખાણ, ગુજરાતી લીપીમાં વાંચવા મળી રહે, જેથી ગુજરાતી ભાષા, ગુજરાતી સાહીત્ય અને ગુજરાતી લીપી સાથેનો તેમનો સમ્પર્ક જળવાઈને

જીવંત રહે. **કવી શ્રી ખબરદાર**ની અત્યંત જાણીતી પંક્તી **'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'** આ ઉપક્રમ પુરતી તો **'જ્યાં કોઈ વાંચે ગુજરાતી, ત્યાં અવશ્ય મુજ ગુજરાત,'** બની ગઈ ! અમારા મનમાં તો આટલું જ કે, સપ્તાહના સાતે સાત દીવસ નહીં તોય કમ-સે-કમ બે દીવસ તો મીત્રો, પરીચીતોના ઘર-આંગણે ગુજરાતી ભાષા-સાહીત્ય-લીપીનો સુર્ય ઉગે અને પ્રકાશતો રહે !

એક પેટા ઉદ્દેશ પણ ખરો, પણ તે પેટા જ, આનુષંગીક જ માત્ર. ગુજરાતી ભાષાની જોડણી વીશે પુનઃવીચારની આવશ્યકતા છે એમ, ઘણા ગુજરાતી ભાષકોની જેમ અમને પણ પ્રતીત થયું છે. આ અંગે **'ગુજરાતી ભાષાપરીષદે'** જે અભીગમ અપનાવ્યો છે તે યોગ્ય અને ગુજરાતીને સરળ બનાવવામાં ઉપકારક છે તે અમે સ્વાનુભવે પ્રમાણ્યું છે. સરસ્વતીચંદ્રકાર આદરણીય વીદ્વદ્વર્ય **ગોવર્ધનરામ ત્રીપાઠીજી**એ તેની જીકર કરેલી તે હકીકતથી અમે ખોટે રસ્તે નથી જ તેનો અહેસાસ અમારાં મન-હ્રદયને મળ્યો. તેથી મહેફીલનાં લખાણો-કવીતા-ગઝલો સુધ્ધાં **'ઉંઝાજોડણી'**માં આપવા વીચાર્યું, જેથી આ લખાણો સરલતાથી કોઈ પણ જાતના અર્થભ્રમ વીના વાંચી શકાય છે કે કેમ અને તે પણ વીશ્વસ્તરે, તેની ચકાસણી થઈ શકે. અવશ્ય, આ પેટા ઉદ્દેશ જ હતો. અમને દહેશત પણ હતી કે ઉંઝાજોડણીમાં નહીં માનનાર સાહીત્યકારો પોતાની રચનાઓનો લાભ મહેફીલને આપવા સંમત થશે કે કેમ ! (પ્રથમથી જ અમારો નીર્ણય પણ હતો કે, એક પણ લખાણ લેખકની પરવાનગી વીના અને તે પણ 'ઉંઝાજોડણી'માં હશે તેવી સ્પષ્ટ સમજ આપી, તેમની અનુમતી વીના, મહેફીલમાં પ્રસીદ્ધ ન કરવું.) અહો ! કેટલા આનંદની વાત છે કે કેટલાક ઉંઝાજોડણીના પ્રખર વીરોધી સર્જકોએ પણ સ્નેહથી, ઉમળકાથી પોતાનાં લખાણોનો લાભ મહેફીલને આપવાનું સૌજન્ય ('કૃપા કરીને' કહીએ તોય ખોટું નથી !) દાખવ્યું. તેમનું સૌજન્ય, તેમનો ગુજરાતી ભાષા માટેનો પ્રેમ પ્રણામને પાત્ર છે.

આ ઉપક્રમનો પ્રારંભ કર્યો હતો 50-60 ભાવકોથી. પ્રતીસાદ કેવો સાંપડશે, તેનો વ્યાપ કેવો હશે - -તેનો બીલકુલ ખ્યાલ ન હતો, હકીકતે એવો કોઈ ખ્યાલ કર્યો જ નહોતો. આવો કોઈ ખ્યાલ કર્યો હોત તો પણ; તેને જે પ્રતીસાદ સાંપડ્યો છે, તેનો સાચે જ કોઈ ખ્યાલ આવ્યો ન હોત. બહુ બહુ તો અમે ધાર્યું હોત કે બે-ત્રણ વરસમાં 1000-2000 ભાવકો સુધી પહોંચાય તો ભયો ભયો ! આનન્દની વાત છે કે કેવળ એક વર્ષના ગાળામાં ભાવકોનો આંકડો 4500ને આંબી ગયો અને આજે ત્રીજે વરસે તો તે 8500ને કુદાવી ગયો છે !

એક સામાન્ય ઉપક્રમ તરીકે શરુ કરેલ આ મહેફીલ અમારા માટે એક યાત્રા બની ગઈ તે એ કારણે કે, તે હવે પાના દોઢ પાનાંની પીડીએફ ફાઈલના સ્વરુપે કેવળ ગુજરાતી સાહીત્યનો અંશ ન રહેતાં, વીશ્વના સાતે ખંડમાં વસતા આઠ આઠ હજારથી વધુ ભાવકો સાથેની મૈત્રીનો ધાગો-સેતુ બની ગઈ છે. દર સપ્તાહે ભાવક મીત્રોને મહેફીલ પહોંચતાં જ તેમના પ્રેમાળ પ્રતીસાદોથી અમારાં હ્રદય સ્નેહભીનાં થવા માંડતાં અને જોતજોતામાં અમારે મન એ એક ઉપક્રમ જ ન રહેતાં મૈત્રીનું મુર્ત સ્વરુપ બની ગઈ-મૈત્રીયાત્રા બની ગઈ !

મૈત્રીની આ યાત્રા તો અનંત છે, પણ જેનાથી મૈત્રીનો આ મહાસાગર લહેરાય છે તે ઉપક્રમને સંજોગવસાત્, અત્યંત ભારે હ્રદયે વીરામ આપવો પડે એમ છે. આમ, આ **૨૫ મે, ૨૦૦૮ની ૧૫૫મી મહેફીલ**થી આ યાત્રા વીરમશે. વીરામ તો ન જ કરવો જોઈએ એમ અમારાં હ્રદય પણ કહે છે. પ્રારંભમાં અમારો ખ્યાલ હતો કે સપ્તાહના બે-એક દીવસ મહેફીલ માટે પુરતા થઈ પડશે કૃતીની પસંદગી, પરવાનગી, અક્ષરાંકન, ફોટો, પરીચય, રવાનગી વગેરે કામગીરી માટે. અનુભવે

જણાયું કે સપ્તાહના પ્રત્યેક દીવસે તેને માટે મોટા ભાગનો સમય ફાળવવો જ પડે છે અને તેમ છતાં દર સપ્તાહે મળતા ભાવકમીત્રોના મળતા અનેકાનેક ઉમળકાભર્યા પ્રતીસાદ-સંદેશની સ્વીકાર-પહોંચને પહોંચી વળવું પણ મુશ્કેલ બની ગયું છે. ત્રણ-ચાર દીવસ બહારગામ જવાના પ્રસંગો અનીવાર્ય ન હોય તો ટાળવા જ પડે. આ કારણે સગાં-સબંધી, મીત્રો, પરીચીતોની ખાસી નારાજગી પણ વહોરવી રહે છે. જો કે મહેફીલના કામની સમજ આપતાં મોટે ભાગે ઉદારદીલે તેઓ દરગુજર કરે છે; એ રાહત પણ નાની નથી. તેમને પણ અહીં યાદ કરી લઈએ, આભારવશ હૈયે. પણ સરવાળે સમજાયું છે કે, હવે મહેફીલને વીરામ આપ્યા વીના કોઈ આરો દેખાતો નથી.

છતાં આને અલવીદા કહેવાય હૃદય માનતું નથી, તેથી આને વીરામ કહી મનનું સમાધાન કરીએ છીએ. આ યાત્રા પુનઃ શરુ થશે કે કેમ તેનો અમને કશો ખ્યાલ નથી; થશે તો ક્યારે કે કેવા સ્વરુપે, કયા હેતુઓથી થશે તેનો પણ કશો અંદાજ નથી. ફરી આ ને આ જ સ્વરુપે ચાલુ થાય એવો કોઈ સંભવ અત્યારે તો પ્રતીત થતો નથી એ સ્વીકારવું રહ્યું. જે ઉદ્દેશ અને પેટા ઉદ્દેશથી મહેફીલ શરુ કરી હતી તેનો ક્યાસ કાઢવો જોઈએ તેવી ગડમથલ અમારું મન કરે છે; પણ એવી કોઈ આવશ્યકતાય હૃદયને જણાતી નથી. કારણ કે અમે નહીં કલ્પેલ તેવો અઢળક સ્નેહ અમને ભાવકમીત્રોએ આપ્યો છે. તે જ અમારા ઘડપણની મોટી અને સાચી મુડી છે.

ગુજરાતી પરીવારોની વાચનભુખ ઉઘડી હોય, ગુજરાતમાંના કે ગુજરાત બહારના સર્જકોની રચના અને સર્જકોથી અરસપરસ પરીચીત થવાયું હોય, આ ત્રણ વર્ષના ગાળામાં શરુ થયેલી અનેકાનેક ગુજરાતી વેબસાઈટ અને ગુજરાતી બ્લોગ તરફ બહુ જ મોટા પ્રમાણમાં વાચકો વાચન તરફ વળ્યા હોય, વાચકોની લાખો આંખો **‘ઉંઝાજોડણી’**થી અર્થભ્રમ વીના વાંચતી થઈ હોય, દોઢ ડઝન જેટલી વેબસાઈટ-બ્લોગ ‘ઉંઝાજોડણી’માં શરુ થયાં હોય, જોડણી પરત્વે આપણા કરતા ઓછા રુઢીચુસ્ત એવા આપણા પાડોશી રાજ્ય **મહારાષ્ટ્ર**માં પણ નેટ મારફતે ‘ઉંઝાજોડણી’ની વાત પહોંચી હોય, તે વીશે વીસ્તૃત માહીતી આપતો લેખ મંગાવી, તેને તેમની સાહીત્યીક પત્રીકા **‘ભાષાજીવની’**માં મરાઠીમાં પ્રકાશીત કરી મરાઠી વીદ્વાનોનાં મંતવ્યો મંગાવવા પ્રશ્નાવલી પાઠવી હોય, દેશ-વીદેશના હજારો વાચકોએ ફોન્ટ મંગાવી સ્ક્રીન પર ગુજરાતી લખવું શરુ કર્યું હોય, સમજદારી અને ઉષ્માભરી મૈત્રીનું વર્તુળ આવડું મોટું થયું હોય.. આવી આવી, નાની જણાતી અનેક બાબતોમાં, આ **‘સન્ડે ઈ-મહેફીલે’ ત્રણ વર્ષ**માં ચપટી જેટલોય ફાળો આપ્યો હોય તો તેટલું પુણ્ય પણ અમારાં ઘરડાં હૈયાંને હરખાવે છે.

વળી, એ દરમ્યાન જ ગુજરાતી ભાષાનો શબ્દ-સાગર સમો ‘ગુજરાતી લેક્સીકોન’ તૈયાર થઈ સેવાર્થે લોકસમર્પીત થયો. હજી તો ત્રણ વર્ષ પુરાં થાય ત્યાં તો તેના મુલાકાતીઓની સંખ્યા મીલીયન-દસ લાખની થવામાં છે તેનો રોમાંચ અને તેની ધન્યતા તો અવર્ણનીય છે અને અમારાં હૈયાંને ભીંજવે છે ! ગુજરાતી વેબસાઈટ પુરતો આ રેકૉર્ડ તો નહીં હોય કદાચ ! ખેરવીખેર વસેલા ગુજરાતી વાચકોને અમારી લાખલાખ સલામ !

હવે આ પળે ખુબ જ આવશ્યક કામ તો એક જ છે. અને તે, અમને જેમનો જેમનો સામેથી-સ્નેહથી સાથ-સહકાર મળ્યો છે તેમનો હૃદયપુર્વક આભાર માની તેમના ઋણને માથે ચડાવી તેમનું અભીવાદન કરવાનો, તેમના પ્રતી અંતઃકરણપુર્વક આભાર વ્યક્ત કરવાનો. અમે સાચે જ કૃતજ્ઞ છીએ……

૧. મહેફીલ  માટે પોતની કૃતી લેવાની પરવાનગી આપનાર દેશ-વીદેશ સ્થીત **સૌ સર્જકોના**, જે વીના આ ઉપક્રમ શક્ય જ નહોતો…

૨. આવી પરવાનગી મેળવવામાં સહાયભુત થયેલ અને સર્જકોની કૃતી, તેમનો પરીચય અને ફોટો મેળવવામાં પણ સક્રીય મદદ કરનાર સૌ સહૃદયી, ઉત્સાહી, સેવારત, **સાહીત્યરસીક મીત્રોના**…

૩. વીદેશમાં વસતા સાહીત્યકારોની કૃતીઓ મેળવી, તેના સંપાદનનો કાર્યભાર સંભાળી લેનાર અઝીઝ મીત્ર  **શ્રી હરનીશભાઈ જાની**ના… તેમ જ અહીં ગઝલ-સંપાદનમાં સક્રીય મદદ કરનાર આચાર્ય કવી મીત્ર **શ્રી મનસુખ નારીયા** અને વીજ્ઞાન-શીક્ષક મીત્ર **શ્રી સુનીલ શાહ**ના…

૪. મહેફીલ ઓર રમણીય બની જેમનાં ધારદાર **વ્યંગ-ચીત્રો**થી તે, અમેરીકાસ્થીત કાર્ટુનીસ્ટ મીત્ર **શ્રી મહેન્દ્રભાઈ શાહ**ના…અને સુરતસ્થીત કાર્ટુનીસ્ટ અને સર્જક મીત્ર **શ્રી નીર્મીશ ઠાકર**ના…

૫. સ્વેચ્છાએ **'વીજયા ફોન્ટ'**માં ટાઈપ કરવાનું શીખી, અક્ષરાંકન કરી આપી અને છેક પ્રુફ-રીડીંગ સુધીની સહાય કરનાર મીત્રો, **શ્રી સુનીલ શાહ, શ્રી જુગલકીશોર, શ્રી વીજેશ શુક્લ,  મધુકાંતા ગજ્જર** અને અમે અમેરીકા હતાં ત્યારે સર્વ વાતે આવા જ ઉમળકાથી મદદ કરનાર મીત્ર **શ્રી કીશોર રાવળ** વગેરે જીગર-જાન દોસ્તોના…

૬. પાંચ હજારથી વધારે વાચકો થયા અને સૌ વાચકોને અમારાથી જાતે(મેન્યુઅલી) મોકલવાનું મુશ્કેલ બનતાં, મુંબઈ-અમદાવાની મૅગ્નેટ ટૅક્નોલૉજીના ભાઈ **શ્રી અશોક કરણીયા** અને તેમના સ્ટાફનાં **શ્રી મીનાબહેન છાયા** અને **શ્રી જાગૃતીબહેન વાલાણી** વગેરે તરવરીયાં યુવાન-ભાઈબહેનો અમારી વહારે ધાયાં અને આજે નીયમીતતાથી સાડા આઠ હજાર જેટલા મીત્રોને મહેફીલ પહોંચાડતા રહ્યાં તેમના…

૭. અણસાર આપ્યા વીના, નીઃસ્વાર્થભાવે, કેવળ ઉમંગ અને પુરા ભાવથી **'સન્ડે ઈ-મહેફીલ'** માટે એક વેબસાઈટ  http://sundaymahefil.googlepages.com/ બનાવી આપી અને દર સપ્તાહે ચેન્નઈ બેઠેબેઠે તેને અપલોડ કરતા રહી અમને સરપ્રાઈઝ ભેટ ધરનાર સુરતના ભાઈ **શ્રી હીમાંશુ મીસ્ત્રીના**..

૮. અમદાવાદના ભાઈ **શ્રી જુગલકીશોરે**  પોતાના બ્લોગ આ નવી-સરળ 'ઉંઝાજોડણી'માં શરુ કર્યા. પોતાની હથોટી મુજબ વ્યાકરણ-છંદની સરળ સમજ પણ ઉંઝાજોડણી મારફત તેમાં પીરસવા મંડ્યા. તે જ રીતે અમેરીકામાં રહ્યે ગુજરાતીભાષા-સાહીત્ય માટે સતત ચીંતન-ચીંતા સેવનારા અને રાતદીવસ મથનારા ભાઈ **શ્રી સુરેશ જાની** તથા ભાઈ **શ્રી ચીરાગ પટેલે** પણ **'ઉંઝાજોડણી'**માં વીશેષ રસ દાખવી પોતાના બ્લોગ દ્વારા **'ઉંઝાજોડણી'**માં વાચકોને રસપ્રદ વાચન સામગ્રી પીરસવાનો યજ્ઞ સફળતાથી ચાલુ રાખ્યો છે. સુરતની **'સત્યશોધક સભા'**નું **'સત્યાન્વેષણ'**, અમદાવાદનું **'નયામાર્ગ'**, મહેમદાવાદનું **'વૈશ્વીક માનવતા'**, મુંબઈનું **'વીવેકપંથી'** આ તમામ  **'ઉંઝાજોડણી'**માં પ્રગટતાં સામયીકો પોતાની વેબસાઈટ દ્વારા વીશ્વના વાચકોને સુલભ બન્યાં છે. **'ગુજરાતી ભાષાપરીષદ'**, અમદાવાદ પોતે પણ દર બે માસે **'નયા માર્ગ'**માં **'ભાષાવીચાર પુર્તી'** પ્રકાશીત કરે છે. **ભાઈ શ્રી મનીષી જાની** અને **શ્રી કીરણ ત્રીવેદી** તેનું સંપાદન કરે છે તે બધી પુર્તીઓ તથા 'ઉંઝાજોડણી'ની કેટલીક તાત્ત્વીક ચર્ચાઓ, દસ્તાવેજો, ઐતીહાસીક પત્રો, **શ્રી રામજીભાઈ પટેલે** કાળજીપુર્વક તૈયાર કરેલી અત્યાર સુધીમાં 'ઉંઝાજોડણી'માં પ્રકાશીત થયેલાં સઘળાં પુસ્તકોની યાદી, લેખો વગેરે સચવાય અને ભવીષ્યે પણ સૌને તે સુલભ બને તે માટે http://unzajodni.googlepages.com/home નામની એક વેબસાઈટ પણ બની છે જેની કામગીરી સુરતના **ભાઈ સુનીલ શાહ** સંભાળી રહ્યા છે. ઉંઝાજોડણીમાં પ્રકાશીત બીજાં સામયીકો પણ હવે નેટ પર આવવાની તૈયારી કરી રહ્યાં છે. ટુંકમાં, આજે દોઢ ડઝનથીયે વધારે બ્લોગ/વેબસાઈટ 'ઉંઝાજોડણી'માં શરુ થઈ ચુક્યાં છે. **'સન્ડે ઈ-મહેફીલ'**ના જેવા જ હેતુ સાથે શરુ કરાયેલા આ સઘળા ઉપક્રમોએ સન્ડે ઈ-મહેફીલને પરોક્ષ રીતે બળ

તો પુરું પાડયું જ છે, એનું પ્રાગટ્ય પણ સફળ બનાવ્યું છે તે બદલ આ સૌ મીત્રોનો દીલથી ખુબ ખુબ આભાર..

૯. **‘ગુજરાત મીત્ર’**, **‘દીવ્ય ભાસ્કર’**, **‘મુંબઈ સમાચાર’** વગેરે દૈનીકો તથા **‘નયા માર્ગ’**, **‘વીવેકપંથી’**, **‘સૌજન્ય માધુરી’**, **‘સત્યાન્વેષણ’**, **‘ઓપીનીયન’**(બ્રીટન), **‘માતૃભાષા’**,(ઓસ્ટ્રેલીયા) **‘ગુજરાત દર્પણ’**(અમેરીકા) વગેરે સામયીકોના **તંત્રી-સંપાદકશ્રી**ઓ અને **લેખક** મીત્રોના, જેમણે **‘સન્ડે ઈ-મહેફીલ’**ની પ્રવૃત્તીની ખાસ નોંધ લઈ તે અંગેના અહેવાલ-લેખ પ્રસીદ્ધ કર્યા તે માટે...

૧૦. છેલ્લે ખાસ તો મહેફીલના **સુજ્ઞ** અને **ગુણગ્રાહી વાચક-ભાવકમીત્રો**ના, જેઓ પોતાના પ્રેમાળ પ્રતીભાવો અને મૈત્રીની ઉષ્મા વડે અમને સતત પ્રોત્સાહીત કરી સજાગ રાખતા રહ્યા અને જેમણે આ સાદા સીધા ઉપક્રમને અમારા માટે ઉમદા યાત્રામાં પરીવર્તીત કર્યો છે તેમના...

અને છેલ્લે ! જે જે મીત્રોએ એક યા બીજા સ્વરુપે અમને સહાય કરી છે તે સહુના અમે દીલથી આભારી છીએ... તો મીત્રો, સ્નેહભર્યા પ્રણામ સાથે વીરામ, આવજો... **‘જય ગુજરાતી’**


લી. આપના,

રતીલાલ ચંદરયા, e-mail: rpchandaria@comcraft.com

બળવંત પટેલ, e-mail: patel.balvant@gmail.com

ઉત્તમ ગજ્જર, e-mail: uttamgajjar@hotmail.com

સંપાદકો, ‘સન્ડે ઈ-મહેફીલ’


May 25, 2008

* * *


‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું પુરું -- અંક : 155 – –May 25, 2008

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com


‘સન્ડે ઈ-મહેફીલ’--અનુક્રમણીકા


૦૧. સીનીયર સીટીઝન....................................ગુણવંત શાહ.....................તા.૨૯:૦૫:૦૫
૦૨. ગરવી ગુજરાતણ....................................ગુણવંત શાહ....................તા.૦૫:૦૬:૦૫
૦૩. ધુપછાંવ............................................દીનેશ પંચાલ....................તા.૧૨:૦૬:૦૫
૦૪. ગઝલ-હઝલ........................................‘બેકાર’..........................તા.૧૯:૦૬:૦૫
૦૫. ચાલ, કાગળ વાંચીએ (ગઝલ)........................ભગવતીકુમાર શર્મા .............તા.૨૬:૦૬:૦૫
૦૬. જીંદગી............................................ચન્દ્રકાંત બક્ષી....................તા.૦૩:૦૭:૦૫
૦૭. વીશ્વ એક નીડ અને એક સૉનેટ.....................‘ઉશનસ્’........................તા.૧૦:૦૭:૦૫
૦૮. મારા બાપુની કહાની...............................મંજુલા પારેખ (બ્રીટન)............તા.૧૭:૦૭:૦૫
૦૯. દાદા મને..(બાળકાવ્ય)...........................બળવંત પટેલ.....................તા.૨૪:૦૭:૦૫
૧૦. પાનખરે વસંત....................................અનંત...........................તા.૩૧:૦૭:૦૫
૧૧. કમુબહેન-(વાર્તા)................................ડૉ. જયંત મહેતા (અમેરીકા).......તા.૦૭:૦૮:૦૫
૧૨. તે પંથીની ઉપર પથરો..(હઝલ)....................નીર્મીશ ઠાકર.....................તા.૧૪:૦૮:૦૫
૧૩. પ્રાસ્તાવીક અને ઘડપણઃ મનની અવસ્થા............ગુણવંત શાહ.....................તા.૨૧:૦૮:૦૫
૧૪. આપણા હાથની વાત................................શાંતીલાલ ડગલી.................તા.૦૪:૦૯:૦૫
૧૫. જન્મસીદ્ધ અધીકાર.................................ગુણવંત શાહ.....................તા.૧૧:૦૯:૦૫
૧૬. ચાલો, બાળક બનીએ...............................-મોહમ્મદ માંકડ..................તા.૧૮:૦૯:૦૫
૧૭. મમ્મી (બાળકાવ્ય).................................બળવંત પટેલ.....................તા.૨૫:૦૯:૦૫
૧૮. ગાંધી-વાણી-મહાત્મા ગાંધી અને માનસીક તાણ.....મંજરી મેઘાણી....................તા.૦૨:૧૦:૦૫
૧૯. માધીનો છોકરો-રવીશંકર મહારાજ અને પટલાણી (કાવ્ય)મનસુખ નારીયા...............તા.૦૯:૧૦:૦૫
૨૦. ખોવાયેલું પાકીટ (વાર્તા)...........................'હરીશ્ચંદ્ર'.........................તા.૧૬:૧૦:૦૫
૨૧. ધર્મ અને વીજ્ઞાન-ખીમજી કચ્છી અને ભલો સાધક..બળવંત પટેલ........................તા.૨૩:૧૦:૦૫
૨૨. માની ના લેશો કે હું................................સુરેશ દલાલ......................તા.૩૦:૧૦:૦૫

૨૩. કવનમાં વક્રીભવન..(હઝલ)........................નીર્મીશ ઠાકર......................તા.૧૩ઃ૧૧ઃ૦૫
૨૪. બપોરના તડકામાં.................................ગુણવંત શાહ......................તા.૨૦ઃ૧૧ઃ૦૫
૨૫. છોટુકાકાનાં અસીલો..............................સ્વામી આનંદ.....................તા.૨૭ઃ૧૧ઃ૦૫
૨૬. બાળકનું સ્વતંત્ર વ્યક્તીત્વ સ્વીકારો.................પ્રા.રમણ પાઠક....................તા.૦૪ઃ૧૨ઃ૦૫
૨૭. પ્રસન્ન દામ્પત્ય..અને. 'છે..નથી!'(કાવ્ય)...........રાજીવ સવાણી(બ્રીટન)...........તા.૧૧ઃ૧૨ઃ૦૫
૨૮. સુખ.............................................'અજ્ઞાત'...........................તા.૧૮ઃ૧૨ઃ૦૫
૨૯. ઉઘાડી આંખ(વાર્તા)...............................બળવંત પટેલ......................તા.૨૫ઃ૧૨ઃ૦૫
૩૦. વૃદ્ધોનો આદર....................................વલ્લભાઈ ઈટાલીયા................તા.૦૧ઃ૦૧ઃ૦૬
૩૧. ખોવાયેલો ભગવાન...............................અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ...............તા.૦૮ઃ૦૧ઃ૦૬
૩૨. ભારેલા અગ્નીના તણખા........પ્રૉ.જે.પી.મહેતા....રસાસ્વાદ.....યશવંત મહેતા.......તા.૧૫ઃ૦૧ઃ૦૬
૩૩. ઝરુખડે દીવા બળે..(શબ્દોનો સ્વયંવર)..............રોહીત શાહ.......................તા.૨૨ઃ૦૧ઃ૦૬
૩૪. ધીરુબહેન..પ્રવચન...ઈ-શબ્દકોશ લોકાર્પણ..અહેવાલ..બળવંત પટેલ.................તા.૨૯ઃ૦૧ઃ૦૬
૩૫. આપણી દુર્બળતાઓ...........................સ્વામી સચ્ચીદાનંદજી (દંતાલીવાળા)....તા.૦૫ઃ૦૨ઃ૦૬
૩૬. સહજ સમાધ..'માધવ ગોર'.......................ડૉ.કનુભાઈ જાની...................તા.૧૨ઃ૦૨ઃ૦૬
૩૭. નવવધુ-સાસુમા અને સાસુમા-નવવધુ..............જયંત ગો. ગાંધી.....................તા.૧૯ઃ૦૨ઃ૦૬
૩૮. પેટોબા..........................................ડૉ.મહેરવાન ભમગરા...............તા.૨૬ઃ૦૨ઃ૦૬
૩૯. સંસ્કારીતાની ઈજારાશાહી હોય ખરી?..'મનની વાત'..સુધા મુર્તી.........................તા.૦૫ઃ૦૩ઃ૦૬
૪૦. ઉંઝાજોડણી વીશે.................................બળવંતભાઈ પટેલ...................તા.૧૨ઃ૦૩ઃ૦૬
૪૧. કથા-વ્યથા એક દીકરીની...(વાર્તા)................'હરીશ્ચંદ્ર'...........................તા.૧૯ઃ૦૩ઃ૦૬
૪૨. શ્રી. રતીલાલ ચંદરયા સાથે એક મુલાકાત...........સંકલીત............................તા.૨૬ઃ૦૩ઃ૦૬
૪૩. સાહીત્યનું ઈનામબજાર ....... ................. ચન્દ્રકાંત બક્ષી......................તા.૦૨ઃ૦૪ઃ૦૬
૪૪. પ્રસંગવીશેષ.....................................ડૉ. યોગેન્દ્ર વ્યાસ....................તા.૦૯ઃ૦૪ઃ૦૬
૪૫.ડેડી : એક સર્વનામ..............................રીવા બક્ષી(પુસ્તક પરીચય)..........તા.૧૬ઃ૦૪ઃ૦૬
૪૬.મારા દાદા-મારાં દાદી (કાવ્યો).....................બળવંત પટેલ.......................તા.૨૩ઃ૦૪ઃ૦૬
૪૭.ખોટું અને ખરાબ..................................ચન્દ્રકાંત બક્ષી......................તા.૩૦ઃ૦૪ઃ૦૬
૪૮. એલોપથીને અમથી વગોવશો નહીં.................ગુણવંત શાહ.......................તા.૦૭ઃ૦૫ઃ૦૬
૪૯. ચાણક્ય અને ચાર્વાક.............................ચન્દ્રકાંત બક્ષી......................તા.૧૪ઃ૦૫ઃ૦૬
૫૦. આનંદઘન કો ક્યા?..(વાર્તા).....................મધુકાંતા ગજ્જર....................તા.૨૧ઃ૦૫ઃ૦૬
૫૧.શ્રેષ્ઠની અપેક્ષા સેવો.............................અનામી.. .........................તા. ૨૮ઃ૦૫ઃ૦૬
૫૨. હીમવર્ષા...(કાવ્ય).....................ડૉ. નીલેશ રાણા(અમેરીકા)..................તા.૦૪ઃ૦૬ઃ૦૬
૫૩. એક દીલ સો અફસાને..(હાસ્યનીબંધ)....હરનીશ જાની(અમેરીકા)....................તા.૧૧ઃ૦૬ઃ૦૬
૫૪. આ કવીતા તેમને માટે..(કાવ્યો)..........વીરાફ કાપડીયા(અમેરીકા)..................તા.૧૮ઃ૦૬ઃ૦૬
૫૫. ભુવનમનમોહીની... (વાર્તા).............કીશોર રાવળ(અમેરીકા)....................તા.૨૫ઃ૦૬ઃ૦૬
૫૬. લંડનની બસના ઉપલા માળેથી...........ભદ્રા વડગામા( બ્રીટન )......................તા.૦૨ઃ૦૭ઃ૦૬
૫૭. ચાર કાવ્યો...(કાવ્યો)..................નટવર ગાંધી(અમેરીકા)......................તા.૦૯ઃ૦૭ઃ૦૬
૫૮. નવી સભ્યતા..........................કનક રાવળ(અમેરીકા)...................... તા.૧૬ઃ૦૭ઃ૦૬
૫૯. બૉમ્બ બ્લાસ્ટ..........................વીજય શાહ(અમેરીકા)......................તા.૨૩ઃ૦૭ઃ૦૬
૬૦. ક્રીકસાઈડ.............................સુચી વ્યાસ(અમેરીકા).....................તા.૩૦ઃ૦૭ઃ૦૬
૬૧. વીશ્વાસ...............................ડૉ. વસુધા ઈનામદાર(અમેરીકા)............તા.૦૬ઃ૦૮ઃ૦૬
૬૨. ત્રણ રચના..(કાવ્યો)...................પ્રીતી સેનગુપ્તા(અમેરીકા)..................તા.૧૩ઃ૦૮ઃ૦૬
૬૩. ચા વીશે..ચાર બોલ.....................મધુરાય(અમેરીકા).........................તા.૨૦ઃ૦૮ઃ૦૬
૬૪. ગઝલો....(ગઝલો)....................'રસીક મેઘાણી'(અમેરીકા)...................તા.૨૭ઃ૦૮ઃ૦૬
૬૫. બે કાવ્યો...(કાવ્યો).....................ઈન્દ્ર શાહ(અમેરીકા).......................તા.૦૩ઃ૦૯ઃ૦૬
૬૬. ભાષાઃ પુજ્ય કે પ્રીય.....................હયદર અલી જીવાણી(અમેરીકા).............તા.૧૦ઃ૦૯ઃ૦૬
૬૭.હમને તો જબ કલીયાં માંગીં.............. રાહુલ શુક્લ(અમેરીકા).......................તા.૧૭ઃ૦૯ઃ૦૬
૬૮.કાવ્ય-કુસુમો.(કાવ્યો)....................પન્ના નાયક(અમેરીકા)......................તા.૨૪ઃ૦૯ઃ૦૬

૬૯. ગાંધીજીવનના ત્રણ પ્રસંગો................હંસા જાની(અમેરીકા)........................તા.૦૧:૧૦:૦૬
૭૦. ઋણાનુબંધ..............................પ્રવીણ પટેલ 'શશી'(અમેરીકા)...............તા.૦૮:૧૦:૦૬
૭૧. રીઅર વ્યુ મીરર..........................ચંદુ શાહ(અમેરીકા)..........................તા.૧૫:૧૦:૦૬
૭૨.દીલ હૈ કી માનતા નહીં ...................હરનીશ જાની(અમેરીકા)....................તા.૨૨:૧૦:૦૬
૭૩.પ્રતીકાવ્યો.................................પ્રા.નટવરલાલ પ્ર.બુચ.......................તા.૨૯:૧૦:૦૬
૭૪.મોતીની ઢગલી............................સં. મહેન્દ્ર મેઘાણી...........................તા.૦૫:૧૧:૦૬
૭૫.ગુરુ.....................................યોગેન્દ્ર પરીખ...............................તા.૧૨:૧૧:૦૬
૭૬. દાંપત્ય..................................'હરીશ્ચન્દ્ર'...................................તા.૧૯:૧૧:૦૬
૭૭. યુવાનીમાં કરવા જેવા નશાઓ............ગુણવંત શાહ................................તા. ૨૬:૧૧:૦૬
૭૮.'આપરો જે.આર.ડી'.....................સુધા મુર્તી..(અનુવાદઃ સોનલ મોદી)...........તા. ૦૩:૧૨:૦૬
૭૯.'સીત્તેરમે વરસે...અદ્ભુત વળાંક!'.......ડૉ.શશીકાંત શાહ............................તા.૧૦:૧૨:૦૬
૮૦.સુરેશ દલાલ-૭૫મે.......................નીર્મીશ ઠાકર..................................તા.૧૭:૧૨:૦૬
૮૧.પાનખરનું પાન..........................જય ગજ્જર(કેનેડા)...........................તા.૨૪:૧૨:૦૬
૮૨.ઉજલાસીંઘ................................ગોવીંદ રાવલ..................................તા.૩૧:૧૨:૦૬
૮૩.સુતેલું એક સંભારણું....................કાન્તી મેપાણી (અમેરીકા).......................તા.૦૭:૦૧:૦૭
૮૪. મનનાં મોરપીંછ.........................દીનેશ પંચાલ.................................તા.૧૪:૦૧:૦૭
૮૫. પરીશ્રમના ખેપીયા : મારા બાપુ.........ડૉ.શરીફા વીજળીવાળા.........................તા. ૨૧:૦૧:૦૭
૮૬. ધર્મ-નવી દષ્ટીએ.........................સ્વામી શ્રી સચ્ચીદાનંદજી(દંતાલીવાળા)........તા. ૨૮:૦૧:૦૭
૮૭. વીતેલું વર્ષ : રક્ષાબંધન પર્વ..............પ્રા. એ.ટી. સીંધી 'મૌલીક'...................તા. ૦૪:૦૨:૦૭
૮૮. કાવ્યકુસુમો...............................પ્રદ્યુમ્ન તન્ના(ઈટલી).........................તા. ૧૧:૦૨:૦૭
૮૯. આટાનો સુરજ............................રતીલાલ અનીલ...............................તા. ૧૮:૦૨:૦૭
૯૦. મારું સાચું કુટુંબ.........................ડૉ. યાસીન દલાલ............................તા. ૨૫:૦૨:૦૭
૯૧. હું, બાલુભાઈ............................રોહીત પંડ્યા(અમેરીકા).....................તા. ૦૪:૦૩:૦૭
૯૨. મને ના પોષાય..........................ડૉ.ચન્દ્રકાન્ત ટોપીવાળા.....................તા. ૧૧:૦૩:૦૭
૯૩. ગઝલ-મહેફીલ...........................ભગવતીકુમાર શર્મા..........................તા. ૧૮:૦૩:૦૭
૯૪. નમુનેદાર બેસણું.........................જગદીશ શાહ................................તા. ૨૫:૦૩:૦૭
૯૫. આપણાં જીવનમુલ્યો....................અવંતીકા ગુણવંત...........................તા.૦૧:૦૪:૦૭
૯૬. ગુજરાતી ભાષાનો 'રોકડીયો' હીસાબ....લલીત લાડ..................................તા. ૦૮:૦૪:૦૭
૯૭. સત્યની સ્ટ્રીટ લાઈટ્સ...................ગુણવંત શાહ................................તા. ૧૫:૦૪:૦૭
૯૮. બે પેઢી : બે પત્ર..........................વીનય કવી(બ્રીટન)..........................તા. ૨૨:૦૪:૦૭
૯૯. દીકરી વીનાના પીતા.....................દીનેશ પાંચાલ...............................તા. ૨૯:૦૪:૦૭
૧૦૦. શબ્દના શાગીર્દ નીવૃત્ત થાય છે.........તુષાર ભટ્ટ...................................તા.૦૬:૦૫:૦૭
૧૦૧. શાકાહારી આટલા ઝનુની કેમ છે?........વર્ષા પાઠક..................................તા.૧૩:૦૫:૦૭
૧૦૨. નાંગરે મુક્તી કેરે કીનારે.................વીપુલ કલ્યાણી(બ્રીટન).......................તા.૨૦:૦૫:૦૭
૧૦૩.અંધશ્રદ્ધાના મુળમાં આપણી અજ્ઞાનતા ..વલ્લભભાઈ ઈટાલીયા .........................તા.૨૭:૦૫:૦૭
૧૦૪. ગઝલવીશ્વ.................સંપાદનઃ અંકીત ત્રીવેદી અને રાજેશ વ્યાસ'મીસ્કીન'.......તા.૦૩:૦૬:૦૭
૧૦૫. ચીંતનની ચાંદની.......................રોહીત શાહ..................................તા.૧૦:૦૬:૦૭
૧૦૬. થેન્ક્યુ 'કાકા'.........................હરનીશ જાની(અમેરીકા)......................તા.૧૭:૦૬:૦૭
૧૦૭. વીધાયક રીતે વીચારીએ.............ડંકેશ ઓઝા....................................તા.૨૪:૦૬:૦૭
૧૦૮. મોતીચારો...........................ડૉ. આઈ. કે.વીજળીવાળા.....................તા.૦૧:૦૭:૦૭
૧૦૯. ચંદનનાં ઝાડ.........................મુકુન્દરાય પારાશર્ય..........................તા.૦૮:૦૭:૦૭
૧૧૦. ગઝલ-ગુલદસ્તો.....................જયશ્રી મર્ચન્ટ (અમેરીકા).......................તા.૧૫:૦૭:૦૭
૧૧૧. હીન્દુ..............................ચન્દ્રકાંત બક્ષી................................તા.૨૨:૦૭:૦૭
૧૧૨. અલગારી રખડપટ્ટી.................રસીક ઝવેરી...................................તા.૨૯:૦૭:૦૭
૧૧૩. ખેવના............................અનુપસીંહજી પરમાર..........................તા.૦૫:૦૮:૦૭
૧૧૪. ગઝલપુર્વક.........................અંકીત ત્રીવેદી.................................તા.૧૨:૦૮:૦૭

૧૧૫. શીક્ષણની ભવાઈ....................તુલસીભાઈ પટેલ................................તા.૧૯:૦૮:૦૭

૧૧૬. ઝંખે છે સાથ ભવોભવનો............સુરેશ પ્રજાપતી.................................તા. ૨૬:૦૮:૦૭

૧૧૭. દાદો ગવળી.........................સ્વામી આનંદ..................................તા.૦૨:૦૯:૦૭

૧૧૮. આપણાં બાળકો આપણાં નથી........પ્રા. રમણ પાઠક................................તા.૦૯:૦૯:૦૭

૧૧૯. રજકણથી  રક્તકણ સુધી............મનસુખ નારીયા...............................તા.૧૬:૦૯:૦૭

૧૨૦. ચશ્માં.............................'હરીશ્ચંદ્ર'.....................................તા.૨૩:૦૯:૦૭

૧૨૧.સાસુ સાચી માવડી-વહુ વહાલનો દરીયો..દીનેશ પાંચાલ...............................તા.૩૦:૦૯:૦૭

૧૨૨. બે પંક્ટીનું હૉનેટ?....................નીર્મીશ ઠાકર.................................તા.૦૭:૧૦:૦૭

૧૨૩. રેન્ગલર............................ડૉ. શશીકાંત શાહ..............................તા.૧૪:૧૦:૦૭

૧૨૪. અમારું ઘર..........................વીનોદ પટેલ..................................તા.૨૧:૧૦:૦૭

૧૨૫. કલ્પનાનો ઈશ્વર....................અશોક વીદ્વાંસ (અમેરીકા) ......................તા.૨૮:૧૦:૦૭

૧૨૬. ચાલવું કેમ?........................ડૉ. મહેરવાન ભમગરા...........................તા.૦૪:૧૧:૦૭

૧૨૭. દાનનું પોત........................સ્વ. અભેસીંહ પરમાર...........................તા.૧૧:૧૧:૦૭

૧૨૮. ગઝલ-પ્રમોદ......................પ્રમોદ અહીરે...................................તા.૧૮:૧૧:૦૭

૧૨૯. રસોડાનું મસોતું...................'હરીશ્ચંદ્ર'.......................................તા.૨૫:૧૧:૦૭

૧૩૦. ગઝલ-આનંદ......................હીતેન આનંદપરા...............................તા. ૦૨:૧૨:૦૭

૧૩૧. મંગલસુત્ર.........................કીશનસીંહ ચાવડા...............................તા.૦૯:૧૨:૦૭

૧૩૨. વાડને પેલે પાર....................ધીરુબહેન પટેલ.................................તા.૧૬:૧૨:૦૭

૧૩૩. ગઝલ-લક્ષ્મી.....................લક્ષ્મી ડોબરીયા..................................તા.૨૩:૧૨:૦૭

૧૩૪. ચાલુ દીવસની સવાર.............સુરેશ જાની (અમેરીકા) ...........................તા.૩૦:૧૨:૦૭

૧૩૫. ગઝલ-પાગલ.....................દીનેશ કાનાણી 'પાગલ' ...........................તા.૦૬:૦૧:૦૮

૧૩૬. નેક અને પાક મુસ્લીમ............જુગલ કીશોર ....................................તા.૧૩:૦૧:૦૮

૧૩૭. જલમભોમકા....................રસીક ઝવેરી.......................................તા.૨૦:૦૧:૦૮

૧૩૮. ગઝલ-રાજ......................રાજેશ મહેતા 'રાજ'...............................તા.૨૭:૦૧:૦૮

૧૩૯. ખતુ ડોસી.......................દીલીપ રાણપુરા....................................તા.૦૩:૦૨:૦૮

૧૪૦. ગઝલ-નાદ.....................નીનાદ અધ્યારુ.....................................તા.૧૦:૦૨:૦૮

૧૪૧. વ્યંગ-હાસ્ય-કલા દરબાર.........મહેન્દ્ર શાહ (અમેરીકા) ............................તા:૧૭:૦૨:૦૮

૧૪૨. માતા-કુંવારી કે પરણેલી.........અવન્તીકા ગુણવંત..................................તા.૨૪:૦૨:૦૮

૧૪૩. ગઝલ-વીવેક...................ડૉ. વીવેક ટેલર.......................................તા.૦૨:૦૩:૦૮

૧૪૪. ગાંધીનો દાંડી પીટનારો.........મહાવીર ત્યાગી.......................................તા.૦૯:૦૩:૦૮

૧૪૫. ગઝલ-રાવલ...................ડૉ. મહેશ રાવલ .......................................તા.૧૬:૦૩:૦૮

૧૪૬.શરમ નથી આવતી?............ડૉ. ગુણવંત શાહ....,.............................. તા.૨૩:૦૩:૦૮

૧૪૭.  એકસઠમાં પ્રવેશે..............ડૉ . શશીકાંત શાહ...................................તા.૩૦:૦૩:૦૮

૧૪૮. ગઝલ-ગૌરાંગ.................ગૌરાંગ ઠાકર.........................................તા.૦૬:૦૪:૦૮

૧૪૯.મારા જીવનનો 'યુ-ટર્ન'..........ઈન્દુકુમાર જાની......................................તા.૧૩:૦૪:૦૮

૧૫૦. બાલમીત્રો.................... ફ્રાધર વાલેસ (સ્પેન) ...................................તા.૨૦:૦૪:૦૮

૧૫૧. ભગવત ગોમંડળ...............રાજેન્દ દવે ......................................... તા.૨૭:૦૪:૦૮

૧૫૨. ક્રેડીટ કાર્ડ......................રતીલાલ બોરીસાગર ...............................તા.૦૪:૦૫:૦૮

૧૫૩. ગુમરાહ.......................'હરીશ્ચંદ્ર'............................................. તા.૧૧:૦૫:૦૮

૧૫૪. ગઝલ-પુષ્પ....................રઈશ મનીયાર.........................................તા.૧૮:૦૫:૦૮

૧૫૫. 'વીદાય-સલામ'...............સંપાદકો.................................................તા.૨૫:૦૫:૦૮

..ત્રણ વર્ષ પુરાં..

સતત ત્રણ વરસ ચાલેલી **'સન્ડે ઈ-મહેફીલ'ની** આ **'બહુરંગી વાચનયાત્રા'**ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉન લોડ કરવા

http://gujaratilexicon.com/index.php?action=downloadSeM વેબસાઈટની

અને

http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટની

મુલાકાત લેવા વીનંતી છે..

૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી વીશ્વના લાખો ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaraitleixcon.com ની મુલાકાત લીધી. આજે રોજની સરેરાશ ૧૫૦૦ મુલાકાતો નોંધાય છે તે એની ઉપયોગીતા સીદ્ધ કરે છે. અમને તેનો આનંદ અને પરીતોષ છે. **‘સ્પેલચેકર’** અને **‘કમ્પ્યુટરની ક્લીકે’** પુસ્તીકા પણ ત્યાં ઉપલબ્ધ છે. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકોનની આ સતત સુધારા પામતી રહેતી નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી. ‘જય જય ગરવી ગુજરાતી.’

◆◆◆

## ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : www.ameamericanamdavadi.com

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું પુરું -- અંક : 155 – –May 25, 2008

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

◆◆◆●◆◆◆